અંધારું અંતર ઓરડીએ, પળ પળ માંહી પાયે પડીએ, અંતરની જ્યોતિ પ્રગટાવો, જીવન અમ ઉજ્જ્વળ કરીએ...

| નવા કેસ | |
|---|---|
| રાજ્ય | ૧૨૦૪ |
| અમદાવાદ | ૧૭૯ |
| ગાંધીનગર | 30 |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૬૨ ૨૨ ઓગસ્ટ, ૨૦૨૦, શનિવાર; ભાદરવા સુદ - ૪ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ભારતને વર્ષાન્તે કોરોના વેક્સીન મળી શકશે



## સૌથી પહેલા હેલ્થકેર અને ફ્રન્ટલાઇન વર્કર્સને વેક્સીન મળશે

ન્યુ દિલ્હી,તા.૨૧

દેશમાં ચિંતાજનક રીતે વધી રહેલો કોરોના સંક્રમણના કેસનો આંકડો હવે ૨૯ લાખને ઓળંગી ગયો છે એવામાં કેન્દ્રીય મંત્રી ડો. હર્ષવર્ધને દાવો કર્યો છે કે, દેશમાં બનેલી અને ટ્રાયલમાંથી પસાર થઈ રહેલી બે સ્વદેશી કોરોના વેક્સીન મહામારીના આ વર્ષના અંત સુધી દેશને મળી શકશે. તેમના દાવા મુજબ ભારત બાયોટેકે તૈયાર કરેલી વેક્સીન ઝંદ્દટ્ટૈહ આ વર્ષના અંતે ઉપલબ્ધ થઈ શકે છે અને આવતા વર્ષ ૨૦૨૧ના પહેલા ત્રિમાસિકમાં વેક્સીનનો કાર્યક્રમ શરુ થઈ શકશે.

હર્ષવર્ધનના કહેવા પ્રમાણે સીરમ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઈન્ડિયા પહેલેથી જે ઓક્સફર્ડ યૂનિવર્સિટીની વેક્સીનનુ ઉત્પાદન કરી રહી છે જેથી તેને વહેલી તકે લોકો સુધી પહોંચાડી શકાય. જે વર્ષના અંત સુધી લોકો સુધી પહોંચે એવી સંભાવનાઓ છે.

હૈદરાબાદની ભારત બાયોટેકની ઝંદ્દટ્ટૈહ વેક્સીનનો ટ્રાયલ બે અઠવાડિયા પહેલા શરુ કરાયો હતો, આ વેક્સીન પણ વર્ષાંતે તૈયાર થાય એવી શક્યતાઓ છે. ઝાયડસ કેડિલાએ પણ તૈયાર કરેલી વેક્સીનનો ટ્રાયલ ચાલી રહ્યો છે. ડો. હર્ષવર્ધનનું કહેવુ છે કે વેક્સીનના ઉત્પાદન મુદ્દે ભારત વિશ્વમાં સૌથી આગળ છે, જે વિશ્વસ્તરે કુલ વેક્સીનનો બે-તૃતીયાંશ ભાગ સપ્લાય કરે છે. તેમના મુજબ ભારતવાસીઓ માટે તૈયાર વેક્સીન અન્ય દેશોની સરખામણીએ સસ્તી રહેશે.

જોકે હર્ષવર્ધને એમ પણ સ્પષ્ટતા કરી હતી કે વેક્સીન તૈયાર થતાની સાથે જ સૌ પહેલા હેલ્થકેર અને ફ્રન્ટલાઈન વર્કર્સને મળશે, જે પછી વૃદ્ધો અને ગંભીર રીતે પ્રભાવિત દર્દીઓને પ્રાથમિકતાના ધોરણે વેક્સીન અપાશે. એ પછી જ દેશની કુલ વસ્તી માટે વેક્સીનેશન કાર્યક્રમ શરુ થશે.

## કમલા હેરિસ ચૂંટાઈ જશે તો અમેરિકામાં ઈતિહાસ રચાશે

ન્યૂયોર્ક, તા. ૨૧

અમેરિકામાં નવેમ્બરમાં યોજાનારી રાષ્ટ્રપતિ પદની ચૂંટણી માટે ડેમોક્રેટિક પાર્ટીએ ઔપચારિક રીતે જો બીડેનને રાષ્ટ્રપતિ અને ભારતીય મૂળનાં સેનેટર કમલા હેરિસને ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર ઘોષિત કર્યા છે. બીડનને મંગળવારે ડેમોક્રેટિક પાર્ટીના રાષ્ટ્રીય સંમેલનના બીજા દિવસે ઔપચારિક રીતે રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર જાહેર કરાયા હતા. પૂર્વ વિદેશમંત્રી અને રિપબ્લિકન કોલિન પોવેલે પણ ૭૭ વર્ષના બીડેનની ઉમેદવારીનું સમર્થન કર્યુ છે.



બીડેને કોરોના વાયરસની મહામારી વચ્ચે ચાર દિવસીય સંમેલનમાં પોતાનું નામ જાહેર કરવાની વાતનો સ્વીકાર કરીને કહ્યું કે, હું તમને ગુરુવારે મળીશ. એ પછી ગુરુવારે ડેમોક્રેટિક પાર્ટીના સંમેલનમાં તેમની અને કમલા હેરિસના નામની જાહેરાત કરવામાં આવી હતી. કમલા હેરિસે પણ ઉપરાષ્ટ્રપતિ પદ માટેની દાવેદારીનો સ્વીકાર કરી લીધો છે. આ સાથે જ કમલા હેરિસ પહેલા ભારતીય અમેરિકી મહિલા આ પદન ટિકિટ પામનારાં વ્યક્તિ બની ગયાં છે.

# ચૂંટણી માટે કોરોના ગાઈડલાઈન જાહેર

નવી દિલ્હી, તા. ૨૧

ચૂંટણી પંચે કોરોના સમયે ચૂંટણી કરાવવા અંગે ગાઈડલાઈન જાહેર કરી છે. નવી ગાઈડલાઈન અનુસાર માસ્ક, સોશિયલ ડિસ્ટન્સિંગ અને થર્મલ સ્કેનર જેવી ચીજો ચૂંટણી સમયે જરૂરી રહેશે. ચૂંટણી પંચે ઉમેદવારોને ઓનલાઈન નોમિનેશન ફોર્મની સુવિધા પણ આપી છે

પંચે શુક્રવારે જારી કરેલા નિયમો પ્રમાણે ચૂંટણી સાથે જોડાયેલી કોઈ પણ પ્રક્રિયા વખતે માસ્ક પહેરવું જરૂરી રહશે. ચૂંટણી માટે ઉપયોગમાં લેવાતા રૂમ, હોલ અથવા કોઈ પણ એરિયાના ગેટ પર થર્મલ સ્કેનર, સેનિટાઈઝર, સાબુ અને પાણી રાખવું પડશે. દરેક વ્યક્તિનું સ્કેનિંગ કરવામાં આવશે. સરકારી નિર્દેશો પ્રમાણે સોશિયાલ ડિસ્ટન્સિંગનું પાલન કરવું જરૂરી રહેશે. ચૂંટણી અધિકારીઓ, સુરક્ષામાં લાગેલા

**ઉમેદવારો ઓનલાઈન ફોર્મ ભરી શકશે : ચૂંટણી માટે ઉપયોગમાં લેવાતા રૂમ, હોલ અથવા કોઇ પણ એરિયાના ગેટ પર થર્મલ સ્કેનર, પાણી રાખવું પડશે : ચૂંટણી પંચનો નિર્દેશ**

લોકોના ટ્રાન્સપોર્ટેશન માટે કોરોના ગાઈડલાઈન અનુસાર જરૂરી સંખ્યામાં વાહનો રાખવા પડશે. એક પોલિંગ બૂથ પર ૧૫૦૦ની જગ્યાએ ૧૦૦૦ મતદારોને જ બોલાવવામાં આવશે.વોટિંગના એક દિવસ પહેલાં પોલિંગ સ્ટેશન સેનિટાઈઝ કરવામા આવે. દરેક બૂથના એન્ટ્રી પોઈન્ટ પર થર્મલ સ્કેનર લગાવવામા આવે. દરેક મતદારની એન્ટ્રી પર થર્મલ ચેકિંગ થાય.

જો કોઈ મતદારનું પહેલું રીડિંગ નિર્ધારિત તાપમાનન કરતા ઉંચું આવે તો તેનું ટેમ્પરેચર ફરી માપવામા આવે. બીજી વખત પણ જો ટેમ્પરેચર વધારે આવે તો તેને ટોકન/સર્ટિફિકેટ આપીને વોટિંગના છેલ્લા કલાકમાં બૂથ પર આવવાનું કહેવામાં આવશે.

નોમિનેશન ફોર્મ ઓનલાઈન ઉપલબ્ધ કરાવવામાં આવશે. તેને ઉમેદવારો ઓનલાઈન જ ભરી શકશે. તેની પ્રિન્ટ ચૂંટણી અધિકારીને સોંપવી પડશે. સોગંદનામું પણ ઓનલાઈન દાખલ કરી શકાય છે. તેની પ્રિન્ટ પાસે રાખી શકાય છે. નોટરાઈઝેશન બાદ તેને નોમિનેશન સાથે ચૂંટણી અધિકારીને સોંપી શકાય છે. ઉમેદવાર ડિપોઝીટની રકમ ઓનલાઈન જમા કરાવી શકશે. કેશ આપવાનો વિકલ્પ પણ ઉપલબ્ધ રહેશે. નોમિનેશન ફોર્મ સોંપતી વખતે ઉમેદવાર સાથે બેથી વધુ લોકો નહીં આવી શકે.







